# ગુજરાત જાહેર સેવા આયોગ

**અગત્યની જાહેરાત**

**ગુજરાત ઇજનેરી સેવા ,વર્ગ-૧ અને વર્ગ-૨ (જા.ક્ર.૧૧૩/૨૦૧૮-૧૯) ની મુખ્ય લેખિત પરીક્ષાના ઉમેદવારો માટે**

ગુજરાત ઇજનેરી સેવા, વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ પર ભરતી કરવા માટે આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક:- ૧૧૩/૨૦૧૮-૧૯ ની તા.૦૪/૦૮/૨૦૧૯ ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીનું કામચલાઉ પરિણામ તા.૧૪/૧૧/૨૦૧૯ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પ્રાથમિક કસોટીમાં કામચલાઉ ધોરણે સફળ થયેલ તમામ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા (લેખિત) માટે "Online" અરજી કરવાની રહેશે. ઉમેદવારોએ મુખ્ય લેખિત પરીક્ષા માટે તા. ૨૧/૧૧/૨૦૧૯ ના રોજ ૧૩.૦૦ કલાક થી તા. ૦૫/૧૨/૨૦૧૯ ના રોજ ૧૩.૦૦ કલાક સુધી "Online" અરજીપત્રક ભરી તેમજ જરૂરી દસ્તાવેજો અપલોડ કરી તેની પ્રિન્ટ મેળવી તથા પરીક્ષા ફી પોસ્ટ ઓફિસ/ઓનલાઇન માં ભરી ચલણની નકલ મેળવી લેવાની રહેશે. ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકો તથા પ્રમાણપત્રો ઉકત જગ્યાઓના ભરતી નિયમો, ભરતી (પરીક્ષા) નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબના લાયકી ધોરણની ચકાસણી કર્યા સિવાય પ્રાથમિક કસોટીમાં સફળ ઉમેદવારોને તદ્દન કામચલાઉ ધોરણે મુખ્ય પરીક્ષા (લેખિત)માં પ્રવેશ આપવામાં આવશે. મુખ્ય પરીક્ષા (લેખિત) માં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહીં. "Online" અરજી પત્રક તા. ૦૫/૧૨/૨૦૧૯ ના રોજ બપોરે ૧૩.૦૦ કલાક સુધી જ ભરી શકાશે જ્યારે જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો તા. ૦૫/૧૨/૨૦૧૯ ના રોજ રાત્રે ૨૩:૫૯ સુધી અપલોડ કરી શકાશે.

**: મુખ્ય લેખિત પરીક્ષાના ઉમેદવારોએ નીચે દર્શાવેલ ક્રમાંક ૧ થી ૫ ની અગત્યની સૂચનાઓ ધ્યાને લેવી :**

૧. મુખ્ય લેખિત પરીક્ષા **તા. ૨૫/૦૧/૨૦૨૦, ૦૧/૦૨/૨૦૨૦ અને તા.૦૨/૦૨/૨૦૨૦** ના રોજ સંભવત: ગાંધીનગર ખાતે યોજાશે. મુખ્ય લેખિત પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ આયોગની વેબસાઇટ **https://gpsc.gujarat.gov.in** પર મૂકવામાં આવશે.

૨. **મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક online તથા ડોક્યુમેન્ટ અપલોડ કરવાની રીત : ૧.** મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક ભરવા માટે **https://gpsc-ojas.gujarat.gov.in** વેબસાઇટ પર જવાનું રહેશે. **૨.** વેબસાઇટ પર call letter/form સેક્શનમાં જઇ main exam call letter/ form પર ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ select job માં તમારી જાહેરાત પસંદ કરી કન્ફર્મેશન નંબર અને date of birth insert કરવાના રહેશે અને ok બટન પર ક્લીક કરવાનું રહેશે. **૩.** આમ કરવાથી પ્રાથમિક પરીક્ષાના અરજી પત્રકમાં ભરેલ નીચેની માહિતી જોવા મળશે જેમાં ઉમેદવાર સુધારો કરી શકશે. (૧) સરનામું (૨) શૈક્ષણિક લાયકાત (3) મોબાઇલ નંબર **૪.** ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ કરીને ઉમેદવારે save અને lock બટન પર ક્લીક કરવાનું રહેશે અને અરજી submit કરવાની રહેશે. **૫.** ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ કર્યેથી ઉમેદવારની માહિતી save થઇ જશે. પાછળથી તેમાં સુધારો થઇ શકશે નહી. **૬.** Save અને lock કર્યેથી ઉમેદવારના મોબાઇલ નંબર પર https://gpsc-iass.gujarat.gov.in પર ડોક્યુમેન્ટ અપલોડ કરવાનો મેસેજ આવશે. **૭.** ઉમેદવાર જો અનામત કક્ષાનો હશે તો print main exam form તથા upload documents online tab દેખાશે. જેમાં Upload documents online પર ક્લીક કરીને પોતાના ડોક્યુમેન્ટ અચૂક અપલોડ કરવાના રહેશે. જો ઉમેદવાર બિન અનામત કક્ષાનો હશે તો (1) print post office challan (2) online payment of fees (3) check your payment status (4) online payment receipt (5) print main exam form (6) upload documents online tab દેખાશે તેના પર ક્લીક કરીને ઉમેદવારે પોતાના ડોક્યુમેન્ટ અચૂક અપલોડ કરવાના રહેશે. **૮.** બિન અનામત કક્ષાના ઉમેદવારે રૂ. ૨૦૦/- ફી ભરવાની રહેશે તેઓ ઓનલાઇન ફીની ચૂકવણી કરી શકશે. જો ઉમેદવારે ઓનલાઇન ફીની ચૂકવણી કરી હોય અને ફીના નાણા બેંકમાંથી કપાયેલ હોય અને તેની પહોંચ ન મળી હોય તો ઉમેદવારે Help/Query માં check your payment status પર ક્લીક કરીને જાણી શકશે. **૯.** પોસ્ટઓફિસમાં ફી ભરવા માટે print post office challan પર ક્લીક કરીને પ્રિંટઆઉટ મેળવી નજીકની કોમ્પ્યૂટરની સુવિધા ધરાવતી પોસ્ટઓફિસમાં રૂ. ૨૦૦/- ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જીસ ભરવાના રહેશે અને તે અંગેનું ચલણ મેળવવાનું રહેશે. ઉમેદવારે પોતાની બિન અનામત કક્ષાની પરીક્ષા ફી અચૂક ભરવાની રહેશે. **૧૦.** ડોક્યૂમેન્ટ અપલોડ કરવાની વિગતવાર સૂચનાઓ https://gpsc-iass.gujarat.gov.in પોર્ટલના home page પર મુદ્દા નંબર ૬ પર click here to view guidelines for uploading application scrutiny documents શિર્ષક હેઠળ દર્શાવેલ છે. જે ઉમેદવારોએ ડોક્યુમેન્ટ્સ અપલોડ કરતા પહેલા ખાસ જોઇ લેવાની રહેશે.

૩. ઉપરોક્ત પેરા-૨ ની સૂચનાઓ અનુસાર **તા. ૦૫/૧૨/૨૦૧૯, ૧૩.૦૦ કલાક સુધીમાં Online અરજીપત્રકો ભરનાર તેમજ ઉપરના ફકરા (૩)માં દર્શાવેલ અરજીપત્રક તેમજ દસ્તાવેજો https://gpsc-iass.gujarat.gov.in પર અપલોડ કરેલ હશે તેવા ઉમેદવારો જ કોલલેટર ડાઉનલોડ કરી શકશે અને તેવા ઉમેદવારો જ મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે.** અરજીપત્રક સાથે અપલોડ કરવાના પ્રમાણપત્રોની યાદી : **(a)** એસ.એસ.સી.ઇ. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કે અન્ય પ્રમાણપત્ર માન્ય નથી.) **(b)** પદવી પ્રમાણપત્ર, એકથી વધુ પદવી હોય તો દરેક પદવીનું પ્રમાણપત્ર. **(c)** પદવીનું ગુણ પત્રક કે પત્રકો (માર્કશીટસ) **(d)** અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યા નું પ્રમાણપત્ર. **(e)** સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭-૦૪-૧૦ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–૪ (ગુજરાતીમાં) મુજબનું તા: ૦૧/૦૪/૨૦૧૬ ના રોજ કે ત્યારબાદ તા.૧૮/૦૪/૨૦૧૯ સુધીમાં ઇસ્યુ થયેલ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર'. **(f)** આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : એ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ તા.૧૮/૦૪/૨૦૧૯ સુધીનું કે ત્યારબાદનું ઇસ્યુ થયેલ ઇસ્યુ થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ – ગ )માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર. **(g)** સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૮૯ના પરિપત્ર ક્રમાંક: એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨થી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર." **(h)** નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ. **(i)** વિધવા ઉમેદવારના કિસ્સામાં પુન:લગ્ન કરેલ નથી તે અંગેની એફીડેવીટ. **(j)** માજી સૈનિકના કિસ્સામાં ડીસ્ચાર્જબૂકની નકલ. **(m)** પોસ્ટ ઓફીસમાં ફી ભર્યા અંગેની પહોંચની નકલ.

નોંધ : જરૂરી પ્રમાણપત્રોના નમૂના આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ના Download સેક્શનમાં (https://gpsc.gujarat.gov.in/Download) જોવા વિનંતી.

૪. ઉમેદવારોએ તા. ૧૩/૦૧/૨૦૨૦ ના રોજ (બપોરે ૧૩.૦૦ કલાક) થી તા. ૨૫/૦૧/૨૦૨૦ (સવારે ૧૦.૦૦ કલાક) સુધીમાં મુખ્ય પરીક્ષા (લેખિત) માટે પ્રવેશપત્ર તથા ઉમેદવારની સૂચનાઓ (પરિશિષ્ટ) "Online" ડાઉનલોડ કરવાના રહેશે.

૫. પ્રવેશપત્ર અને ઉમેદવારની સૂચનાઓ **"online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર / સ્ટેપવાઇઝ કાર્યવાહી કરવાની રહેશે: (૧) **https://gpsc-ojas.gujarat.gov.in** વેબસાઇટ પર જવું. (૨) **"Main Exam Call letter / Form"** પર **"click"** કરવું. (3) અહીં ઉમેદવારે પોતાની **"job select"** કરવી તથા **"conformation number"** અને **"birthdate"** ટાઇપ કરવાના રહેશે. (૪) હવે **"OK"** પર **"click"** કરી પ્રવેશપત્રની તથા ઉમેદવારોની સૂચનાઓની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચૂક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પરીક્ષાખંડમાં પ્રવેશ મેળવવા માટે આપનો પ્રવેશપત્ર આવશ્યક રહેશે. અન્યથા પરીક્ષામાં પ્રવેશ મળશે નહી. ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. જે ઉમેદવારોના ફોટા એટેન્ડન્સશીટમાં સ્પષ્ટ જોઇ શકાય તેવા આવેલા ન હોય તો તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો ફોટો એટેન્ડન્સશીટમાં ઇન્વીજીલેટરની હાજરીમાં ચોંટાડવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે. ઉપરોક્ત બાબતે ઉમેદવારના પક્ષે થયેલ ચૂક પરત્વે આયોગ દ્વારા પાછળથી કોઇ પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ (જા.ક્ર.:૧૧૨/૨૦૧૮-૧૯) ના ઉમેદવારો માટે**

આયોગ દ્વારા તા–૨૫–૧૧–૨૦૧૯ થી તા–૨૯–૧૧–૨૦૧૯ દરમ્યાન યોજાનાર પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ–૨ (જા.ક્ર: ૧૧૨/૨૦૧૮–૧૯) ની શારીરિક ક્ષમતા કસોટી(PET) અને શારીરિક માપ કસોટી(PST) કે જે જે.ડી.નગરવાલા પોલિસ સ્ટેડિયમ, પોલિસ હેડ ક્વાર્ટર, શાહીબાગ, અમદાવાદ ખાતે યોજવામાં આવનાર હતી તે હવે મહાત્મા મંદિરની બાજુમાં , સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઇંડિયા(SAI), સેકટર – ૧૫, ગાંધીનગર ખાતે યોજવામાં આવનાર છે. શારીરિક ક્ષમતા કસોટી (PET) અને શારીરિક માપ કસોટી (PST) માટે ઉપસ્થિત થનાર ઉમેદવારોની દોડ પુરી થયા બાદ મેડિકલ ચેક અપ કરવામાં આવશે અને જો કોઇ ઉમેદવાર કોઇપણ પ્રકારની નશાયુક્ત ગોળી, કેફી દ્રવ્ય કે પ્રતિબંધક દ્રવ્ય (Energy Booster) નું સેવન કરેલ માલૂમ પડશે તો તેવા ઉમેદવારને સદર જાહેરાત તેમજ આયોગ નક્કી કરે તેટલા સમય માટે આયોગની તમામ ભરતી પ્રક્રિયા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે. ગ્રાઉન્ડ પર મોબાઇલ કે અન્ય ઇલેક્ટ્રોનિક્સ સાધન લાવવું નહીં. ઉમેદવાર સાદી (એનાલોગ કે ડિજીટલ) ઘડીયાળ પહેરી શકશે. સ્માર્ટવોચ કે ફીટનેસ બેલ્ટ પહેરવાની પરવાનગી આપવામાં આવશે નહી.

તા. ૨૧.૧૧.૨૦૧૯